ક્રમાંક/જિ.પં./સક/શિષ્ય./વશી/૧૦૮ થી ૧૨૫/૨૦૧૮-૧૯

સમાજ કલ્યાણ શાખા,
જિલ્લા પંચાય, બનાસકાંઠા
પાલનપુર, તા.૧૮/૦૭/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
.............................................................................
મું............ પો............ તાલુકો......... જીલ્લો.બનાસકાંઠા

**વિષય :- વર્ષ ૨૦૧૭-૧૮ ની અનુ.જાતિના વિધાર્થીઓની પ્રિ મેટ્રીક /પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત ડીફરન્સ ચુકવવા બાબત.**

સંદર્ભ :- નં.અજાક/ગ-૧/૫/૧૮-૧૯/૬૧૭૧ થી ૬૨૩૫ , તા.૨૯/૬/૨૦૧૮

સવિનય સહ ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની જુદી જુદી પ્રિ મેટ્રીક પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનો અમલ વર્ષ ૨૦૧૬-૧૭ સુધી ઓફલાઇન પધ્ધતિથી થતો હતો. વર્ષ ૨૦૧૭-૧૮ થી પ્રિ મેટ્રીક શિષ્યવૃતિઓ (જેવી કે, બીસીકે-૨/૭૧, બીસીકે-૧૬, બીસીકે-૧૭ , બીસીકે-૧૭ એ , બીસીકે-૪ બીસીકે-૩૫) તેમનો અમલ Digital Gujarat Portal મારફત કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૭-૧૮ થી ડીઝીટલ ગુજરાત પોર્ટલ મારફત કામગીરી પ્રથમ વખત શરૂ કરવામાં આવેલ હોય સદરહું પોર્ટલ શાળાઓ/કોલેજ/વિધાર્થીઓ તેમજ જિલ્લા અધિકારીશ્રીઓ માટે નવું હોય પોર્ટલની કામગીરી પૂર્ણ કરવામાં કોઇ કોઇ જગ્યાએ શરતચૂક થયેલ હોય તેવુ બની શકે સદરહું બાબતે અમુક જિલ્લામાંથી રૂબરૂ તથા લેખિતમાં રજુઆતો પણ મળેલ છે કે અમુક વિધાર્થીઓને શરતચુકથી શિષ્યવૃતિ નું ચુકવણું ઓછું થવા પામેલ છે.

ઉકત વિગતો ધ્યાને લેતા જે અનુસુચિત જાતિના વિધાર્થીઓને ડીઝીટલ ગુજરાત પોર્ટલ મારફત પ્રિમેટ્રીક કે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિનું ચુકવણું શરતચુક થી ઓછુ થવા પામેલ છે. તે જ અનુસૂચિત જાતિના વિધાર્થીઓને નુકશાન ન જાય અને વિધાર્થીઓ પોતાનો અભ્યાસ સારી રીતે કરી શકે તે હેતુ થી આ સૂચના આપવામાં આવે છે. ગત વર્ષ પ્રથમ વખત જ શિષ્યવૃતિનું ચુકવણું ઓનલાઇન પધ્ધતિથી કરેલ હોય શિષ્યવૃતિ મંજુર કરવામાં શરતચૂક થયેલ હોઇ શકે તે ધ્યાને લઇ સદરહુ મંજુરી આપવામાં આવેલ છે. આ મંજુરી ગત વર્ષ એટલે કે ૨૦૧૭-૧૮ પૂરતી જ આપવામાં આવેલ છે. ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ માં આવી કોઇ પણ ભૂલ થશે તો તે જે તે શાળાના આચાર્યની રહેશે. જેની ખાસ નોંધ લેવી. આવા તમામ વિધાર્થીઓની માહિતી ૩૧ જુલાઇ ૨૦૧૮ સુધીમાં અત્રેની કચેરીએ રજુ કરવાની રહે છે. જેથી કરીને વિધાર્થીઓને શિષ્યવૃતિ થી વંછિત રહી ન જાય તેની ખાસ તકેદારી રાખવી.

૩૧ જુલાઇ ૨૦૧૮ તારીખ પત્યા પછી કોઇ વિધાર્થી શિષ્યવૃતિના ડીફરન્સથી વંચિત રહેશે તો તે અંગેની તમામ જવાબદારી જે તે શાળાની રહેશે..

જેની ખાસ નોંધ લેવી.

સમાજ કલ્યાણ અધિકારી
**જિલા પંચાયત, બનાસકાંઠા**
**પાલનપુર**

**PTO**

નકલ રવાના :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,(રાજય) પાલનપુર તરફ જાણ સારૂ.
૨/- જિલ્લાની શાળાઓની દરખાસ્તો સમયસર મળી રહે તેવી યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા વિનંતી સહ.

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા , પાલનપુર
૨/- જિલ્લાની શાળાઓની દરખાસ્તો સમયસર મળી રહે તેવી યોગ્ય ઘટતી કાર્યવાહી કરવા વિનંતી સહ.

(3) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા પંચાયત, . . . . . . . . . . . . . . .
આપના તાલુકાની શાળાઓની દરખાસ્તો સમયસર મળી રહે તેવી કાર્યવાહી કરવા સારૂ.

ક્રમાંક /
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૩ - ૭ -૨૦૧૬

૦૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી
સરકારી / બિનસરકારી / નોનગ્રાન્ટેડ
શાળાઓ તમામ, બ.કાં